પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૧૭૮ • કુલ પાના : ૪ • તારીખ : ૨૪-૦૩-૨૦૨૨ ગુરૂવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## સંરક્ષણ મંત્રાલયે ૮,૩૫૭ કરોડ રૂપિયાના સૈન્ય સંસાધનો અને મશીનરી ખરીદવાની મંજૂરી આપી

નવીદિલ્હી,

સંરક્ષણ મંત્રાલયે એર ડિફેન્સ ફાયરપાવર કંટ્રોલ રડાર અને GSAT-7B સેટેલાઈટ સહિત ૮,૩૫૭ કરોડ રૂપિયાના સૈન્ય સંસાધનો અને મશીનરીની ખરીદીને મંજૂરી આપી હતી. એર ડિફેન્સ ફાયરપાવર કંટ્રોલ રડાર અને જીએસએટી-૭ બી સેટેલાઈટની ખરીદીનો સમાવેશ થાય છે. રક્ષા મંત્રાલયે ૮૩૫૭ કરોડ રૂપિયાના સૈન્ય ઉપકરણોની ખરીદીને મંજૂરી આપી છે. સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલની બેઠકમાં, ખરીદી દરખાસ્તોને જરૂરિયાતની સ્વીકૃતિને મંજૂરી આપવામાં આવી હતી.

એક નિવેદન અનુસાર આ ઉપકરણો અને પ્રણાલીઓના સંપાદનથી સશસ્ત્ર દળોની ઓપરેશનલ તૈયારીમાં વધારો થશે



અને તેમને વધુ સારી દૃશ્યતા, બહેતર સંદેશાવ્યવહાર મળશે અને દુશ્મનના વિમાનોને શોધવાની ક્ષમતામાં વધારો થશે. જરૂરિયાતની મંજૂરીએ ટેન્ડર પ્રક્રિયા શરૂ કરવાનો માર્ગ સાફ કરી દીધો છે.મંત્રાલયે જણાવ્યું હતું કે સંરક્ષણ દળોના આધુનિકીકરણની તમામ જરૂરિયાતો સ્વદેશી રીતે પ્રાપ્ત કરવામાં આવશે.

પાકિસ્તાન અને ચીન સરહદ પર નજીકથી નજર રાખવા માટે સંરક્ષણ મંત્રાલયે મંગળવારે સર્વેલન્સ સેટેલાઈટ માટે ૪૦૦૦ કરોડ રૂપિયાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. આ સેટેલાઈટથી ભારતીય સેના સરહદ પર નજર રાખી શકશે. ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલની બેઠકમાં આ પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી. સરકારી સૂત્રોએ જણાવ્યું કે, 'ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલની બેઠકે ભારતીય સેના માટે ભારતમાં સમર્પિત સેટેલાઈટના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. સેટેલાઈટ GSAT 7B માટેનો પ્રોજેક્ટ ભારતીય અવકાશ સંશોધન સંસ્થા સાથે ભાગીદારીમાં હાથ ધરવામાં આવશે અને ભારતીય સેનાને મદદ કરશે. સેનાએ સરહદી વિસ્તારોમાં પોતાની દેખરેખ વધારી દીધી છે.

ભારતીય નૌકાદળ અને વાયુસેના પાસે પહેલેથી જ પોતાના સમર્પિત ઉપગ્રહો છે અને તેની મંજૂરી ભારતીય સેનાને ક્ષમતા હાંસલ કરવામાં મદદ કરશે. એપ્રિલ-મે ૨૦૨૦ થી ચીન સાથેના સૈન્ય અવરોધ પછી, ભારતીય સેના ચીન સાથેની વાસ્તવિક નિયંત્રણ રેખા પર ડ્રોન સહિતની તેની સર્વેલન્સ સંપત્તિઓને મજબૂત કરવા સાથે ક્ષમતાઓને અપગ્રેડ કરવાની દિશામાં કામ કરી રહી છે. સંરક્ષણ અધિકારીઓએ જણાવ્યું હતું કે ઈસરો દ્વારા નિર્મિત ઉપગ્રહ દેશમાં સ્વદેશી ઉદ્યોગોના વિકાસ માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલ મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમમાં પણ મદદ કરશે.

## સતત બીજા દિવસે પેટ્રોલ-ડીઝલના ભાવ વધ્યા

નવીદિલ્હી,

દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને આજે સતત બીજા દિવસે પણ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થયો છે. ગઈકાલે ૧૩૭ દિવસ બાદ ઈંધણના ભાવમાં વધારો જોવા મળ્યો હતો અને પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૮૦-૮૦ પૈસાનો વધારો થયો હતો. આજે પણ પેટ્રોલના ભાવમાં ૮૦ પૈસા અને ડીઝલના ભાવમાં ૮૦ પૈસાનો વધારો થયો છે.

૧૩૭ દિવસ બાદ ગઈકાલે પેટ્રોલમાં ૮૦ પૈસાનો વધારો થયો હતો, ત્યારબાદ પેટ્રોલ ૯૬.૨૫ થઈ ગયું હતું. આ સાથે જ ફરી એકવાર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થયો છે. નવા અપડેટ બાદ આજે દિલ્હીમાં પેટ્રોલ ૮૦ પૈસા પ્રતિ લીટર વધી ગયું છે, ત્યારબાદ નવી કિંમત ૯૭.૦૧ રૂપિયા પ્રતિ લીટર થઈ ગઈ છે. ડીઝલમાં ૮૦ પૈસાનો વધારો થયો છે અને ડીઝલ ૮૮.૨૭ રૂપિયા પ્રતિ લીટર પર આવી ગયું છે.

રાજધાની દિલ્હીમાં આજે પેટ્રોલની કિંમત ૯૬.૨૧ રૂપિયા પ્રતિ લિટરથી વધીને ૯૭.૦૧ રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે અને દિલ્હીમાં આજે ડીઝલ ૮૮.૨૭ રૂપિયા પ્રતિ લિટરે મળી રહ્યું છે.

મુંબઈમાં પેટ્રોલનો ભાવ ઘટીને ૧૧૧.૬૭ રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલનો ભાવ ઘટીને ૯૫.૮૫ રૂપિયા પ્રતિ લિટર થઈ ગયો છે. અહીં પેટ્રોલ અને ડીઝલમાં પ્રતિ લીટર ૮૫ પૈસાનો વધારો થયો છે.

કોલકાતામાં પેટ્રોલની કિંમત ૮૩ પૈસા વધીને ૧૦૬.૩૪ રૂપિયા અને ડીઝલની કિંમત ૮૦ પૈસા વધીને ૯૧.૪૨ રૂપિયા પ્રતિ લીટર થઈ ગઈ છે. ચેન્નાઈમાં પેટ્રોલનો ભાવ ૭૫ પૈસા વધીને ૧૦૨.૯૧ રૂપિયા અને ડીઝલનો ભાવ ૭૬ પૈસા વધીને ૯૨.૯૫ રૂપિયા પ્રતિ લિટર થઈ ગયો છે.

## હૈદરાબાદમાં ભંગારના ગોડાઉનમાં આગ લાગતાં ૧૧ મજૂરોના મોત

હૈદરાબાદ,

તેલંગાણાની રાજધાની હૈદરાબાદના ભોઈગુડામાં ભંગારના ગોડાઉનમાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં ૧૧ મજૂરો જીવતા બળી ગયા હતા. મૃત્યુ પામેલા તમામ મજૂરો બિહારના રહેવાસી હોવાનું કહેવાય છે અને તેઓ અહીં ગોડાઉનમાં કામ કરતા હતા. સ્થળ પર હાજર હૈદરાબાદ ડીસીપી સેન્ટ્રલ ઝોને કહ્યું કે તમામ ૧૧ મૃતદેહોને બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. હાલ આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ગોડાઉનના પહેલા માળે ૧૨ મજૂરો સૂતા હતા. ગ્રાઉન્ડ ફ્લોર પર અચાનક આગ ફાટી નીકળી હતી. કામદારો માટે બહાર નીકળવાનો એકમાત્ર રસ્તો ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી જંક શોપમાંથી પસાર થતો હતો જેના શટર બંધ હતા. આજે સવારે ૮ વાગ્યા સુધીમાં ૧૧ મૃતદેહો મળી આવ્યા હતા, જ્યારે એક મજૂર બચી ગયો હતો તેને હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, ફાયર કંટ્રોલ રૂમને સવારે ૩ વાગ્યાની આસપાસ એલર્ટ મળ્યો હતો અને નવ ફાયર ટેન્ડરોએ આગને કાબૂમાં લેવા માટે ત્રણ કલાકથી વધુ સમય સુધી કામ કર્યું હતું.

ગોડાઉનમાં ફાઈબર કેબલમાં આગ ફાટી નીકળી હતી જેના કારણે ગાઢ ધુમાડો ફેલાઈ ગયો હતો અને આગની તીવ્રતા વધુ વધી હતી. ગોડાઉનમાં દારૂની ખાલી બોટલો, કાગળ, પ્લાસ્ટિક અને અન્ય કેબલ પણ રાખવામાં આવ્યા હતા. પહેલા માળે બે રૂમ હતા અને એક રૂમમાંથી તમામ ૧૧ મૃતદેહો મળી આવ્યા હતા. એકબીજાની ઉપર પડેલા હતા. મૃતદેહોની ઓળખ થઈ શકી નથી.

## પુષ્કર સિંહ ધામી ઉત્તરાખંડના ૧૨મા મુખ્યમંત્રી બન્યા, સતત બીજી વખત મુખ્યમંત્રી પદના શપથ લીધા

દહેરાદુન,

પુષ્કર સિંહ ધામી ઉત્તરાખંડના ૧૨મા મુખ્યમંત્રી બન્યા છે. રાજ્યપાલ લે. જનરલ ગુરમીત સિંહ (આર)એ તેમને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. સીએમ ધામી ઉપરાંત પુષ્કર સિંહ ધામી ઉપરાંત ૮ મંત્રીઓએ પણ શપથ લીધા. જેમાં સતપાલ મહારાજ (ચોબટ્ટાખાલ બેઠક), પ્રેમચંદ અગ્રવાલ, ગણેશ જોશી (મસૂરી), ધન સિંહ રાવત (શ્રીનગર), સુબોધ ઉનિયાલ (નરેન્દ્રનગર), રેખા આર્ય (સોમેશ્વર), ચંદન રામ દાસ (બાગેશ્વર સીટ), સૌરભ બહુગુણા (સિતારગંજ બેઠક) સામેલ છે. દેહરાદૂનના પરેડ ગ્રાઉન્ડમાં શપથ ગ્રહણ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર



મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા ઉપરાંત યુપીના સીએમ યોગી આદિત્યનાથ, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ, હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટર, ઘણા રાજ્યોના મુખ્યમંત્રીઓ અને કેન્દ્રીય મંત્રીઓ સામેલ થયા હતાં

આ શપથવિધિ સમારોહને આશિર્વાદ આપવા મોટી સંખ્યામાં સાધુ-સંતો પણ પધાર્યા હતાં.મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીના રાજ્યાભિષેકમાં કેસરી રંગ જોવા મળ્યો હતો ૨૦૧૭ના શપથ ગ્રહણ સમારોહની જેમ જ સંતો માટે એક અલગ પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવ્યું હતું શપથ ગ્રહણ સમારોહ પહેલા, મુખ્યમંત્રી અને પાર્ટીના અધિકારીઓ સવારે ૭.૩૦ વાગ્યે મંદિર અને ગુરુદ્વારા પહોંચ્યા અને પ્રાર્થના કરી.પુષ્કર સિંહ ધામી આ વખતે ચૂંટણી હારી ગયા છે પરંતુ ભાજપ હાઈકમાન્ડે તેમના પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. ધામી વર્ષ ૨૦૧૨માં પહેલીવાર ખાતિમા સીટથી ધારાસભ્ય બન્યા હતા. ત્યારબાદ તેમણે કોંગ્રેસના દેવેન્દ્ર ચંદને લગભગ પાંચ હજાર મતોથી હરાવ્યા હતા. ૨૦૧૭ની ઉત્તરાખંડ વિધાનસભા ચૂંટણીમાં, ધામીએ સતત બીજી વખત ખાતિમાથી જીત મેળવી હતી. આ વખતે તેમણે કોંગ્રેસના ભુવન ચંદ્ર કાપરીને ત્રણ હજારથી ઓછા મતોથી હરાવ્યા અને રાજ્યના ૧૧મા મુખ્યપ્રધાન બન્યા. આ ચૂંટણીમાં કાપરીએ તેમને છ હજાર મતોથી હરાવ્યા હતા. જોકે, ભાજપે સીએમ ધામીના નેતૃત્વમાં સતત બીજી વખત સરકાર બનાવીને ઈતિહાસ રચ્યો હતો.

ગત વર્ષ ૪ જુલાઈના રોજ પુષ્કર સિંહ ધામીએ તીરથ સિંહ રાવતની જગ્યાએ ઉત્તરાખંડના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. તીરથ સિંહ રાવતે ત્રિવેન્દ્ર સિંહ રાવત બાદ છ મહિનાના નિર્ધારિત સમયની

(અનુ.પાના.નં.૨)



મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લાના ચાંપેલી ગામે ચાંપેલી પ્રાથમિક શાળાનો ૬૯મો જન્મદિવસ ઉજવાયો



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં જ અમદાવાદના જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા ગુજરાત પંચાયત મહાસંમેલનમાં શાળાઓના જન્મદિવસની ઉજવણી કરવા આહ્વાન કર્યું હતું. જેના પગલે મહીસાગર જિલ્લાના ચાંપેલી ગામે ચાંપેલી પ્રાથમિક શાળાના ૬૯મા જન્મદિવસની પ્રાથમિક શાળા અને ગ્રામ પંચાયત દ્વારા ઉજવણી કરવામાં આવી.

ગુજરાત પંચાયત મહાસંમેલન દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગ્રામ પંચાયતના સરપંચઓ અને સદસ્યઓ સહિતના જનપ્રતિનિધિઓને ગામના સ્થાપના દિવસ અને શાળાની સ્થાપના દિવસની ઉજવણી કરવા આહ્વાન આપ્યું હતું. પોતાની શાળા પ્રત્યે ઋણાનુબંધ જળવાઈ રહે તે માટે કરવામાં આવેલા આ આહ્વાનના પગલે ચાંપેલી ગામની ચાંપેલી પ્રાથમિક શાળાના જન્મદિવસની ઉજવણીનો પ્રારંભ જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન, ડાયટના પ્રાચાર્ય, સરપંચ, શાળામાં અગાઉ અભ્યાસ કરી ગયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શિક્ષકો, માજી સૈનિકો, ગામના અગ્રણી નાગરિકો, વાલીઓ અને શાળા પરિવારની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરીને શાળાના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ જન્મદિવસની ઉજવણી અંતર્ગત શાળામાં પ્રથમ દાખલ વિદ્યાર્થી અને અને સૌથી છેલ્લા દાખલ થયેલ વિદ્યાર્થીઓ સહિત ઉપસ્થિત મહાનુભાવોએ આનંદોલ્લાસભર્યા વાતાવરણમાં જન્મદિવસની ઉજવણી નિમિત્તે કેક કાપી હતી.
ચાંપેલી પ્રાથમિક શાળાના ૬૯મા જન્મદિવસની ઉજવણી પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ શાળાને ૬૯ પુસ્તો ભેટ આપવાની જાહેરાત કરી હતી.

શાળાના જન્મદિવસની ઉજવણી પ્રસંગે ઉપસ્થિત રહેલ સર્વે મહાનુભાવોએ પ્રધાનમંત્રીના આહવાનને ઝીલી લઈને જિલ્લામાં શાળા જન્મદિવસ અને ગામ ગૌરવ દિનની ઉજવણીના ભવ્ય કાર્યક્રમના આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

શાળાના જન્મદિવસની ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા જયારે આ શાળામાં અભ્યાસ કરી ચૂકેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને ગ્રામજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભવ્ય ઉજવણી કરી પોતાના વિદ્યાર્થીકાળના સંસ્મરણો વાગોળ્યા હતા. જયારે સમગ્ર ગામમાં પ્રભાત ફેરી, ગૃહ સુશોભન કરીને ઉજવણીનો અનેરો માહોલ સર્જાવા પામ્યો હતો. શાળાના જન્મદિવસની ઉજવણી નિમિત્તે ગામના પ્રત્યેક પરિવાર દ્વારા એક વૃક્ષ વાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો.

# બે વર્ષ બાદ બોર્ડની પરીક્ષા : મહીસાગર જિલ્લાના ધો.૧૦ અને ૧૨ના ૨૮૭૧૯ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

લુણાવાડા,
૨૮ મી માર્ચથી યોજાનારી પરીક્ષા માટે જિલ્લાની૧૦૩ બિલ્ડિંગમાં, ૧૩૩૬ બ્લોક નક્કી કરાયા , તંત્રએ તૈયારીઓ હાથ ધરી.

રાજ્ય સહિત મહીસાગર જિલ્લામાં કોરોના મહામારીના કારણે છેલ્લા ૨ વર્ષથી બોર્ડની પરીક્ષા સ્થગિત થઈ હતી અને વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યા હતા. આ વર્ષે સ્થિતી નોર્મલ થઈ જતા શિક્ષણ કાર્ય રાબેતા મુજબ ચાલ્યું હતું, જેના કારણે ૨ વર્ષ બાદ કોરોના મહામારી બાદ પરીક્ષા યોજાવા જઈ રહી છે. મહીસાગર જિલ્લામાં આ વર્ષે ૨૮૭૧૯ વિદ્યાર્થી પરીક્ષા આપશે જેમાં ધોરણ–૧૦ ના ૧૮૪૯૨, વિદ્યાર્થી, જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના ૮૫૬૪ તેમજ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના ૧૬૬૩ વિદ્યાર્થી નોંધાયા છે. તા.૨૮ મીથી શરૂ થનાર પરીક્ષા માટે જિલ્લા શિક્ષણ તંત્ર અને જિલ્લા વહીવટી વિભાગ દ્વારા તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. અને ૫૪ પરીક્ષાના કેન્દ્રો માટે કુલ ૧૦૩ બિલ્ડીંગમાં ૧૦૩૬ બ્લોક તૈયાર કરવામાં આવ્યા છે. પરીક્ષા યોગ્ય અને સુચારૂ રૂપે યોજાય તે માટે દરેક બ્લોક તેમજ શાળામાં એન્ટ્રી એક્ઝિટ ગેટ બહાર સીસીટીવી કેમેરા કાર્યરત રહે તેવી શાળા અને બ્લોકની પસંદગી કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત કલેકટર દ્વારા વર્ગ ૧ અને ૨ ના અધિકારીઓ દ્વારા પરિણામ વધઘટ થયેલા કેન્દ્રો પર મોનીટરીંગ કરવામાં આવશે. જેવી રીતે સરકારી પ્રતિનિધિઓ અલગઅલગ કામગીરીમાં જોડાશે. આ ઉપરાંત શાળા સંચાલકોની પણ શાળામાં પાણી , લાઈટ તેમજ જરૂરી સુવિધાઓ અંગેની તૈયારી અંગેની પણ સમિક્ષા બેઠક રાખવામાં આવી છે. જેમાં શાળાના શિક્ષકો અંગે માર્ગદર્શન આપવામાં આવશે. પરીક્ષાના સ્થળથી ૧૦૦ મીટરના અંતરે ઝેરોક્ષ પર પ્રતિબંધ અને પરીક્ષાના સ્થળમાં બિનઅધિકૃત વ્યક્તિના પ્રવેશ પર પ્રતિબંધ લાગવાવમાં આવશે.

# વિરપુર તાલુકા કક્ષાની એથ્લેટીક રમતોમાં બોર પ્રા.શાળાના અંડર ૧૪માં વિદ્યાર્થીએ સ્થાન મેળવ્યું



વિરપુર,
ખેલ મહાકુંભ ૨૦૨૨ અંતર્ગત વિરપુર તાલુકા કક્ષાની એથ્લેટિક રમતોનું આયોજન રણજીતપુરા હાઈસ્કુલ ખાતે કરવામાં આવેલ હતું. જેમાં બોર પ્રાથમિક શાળાના બાળકોએ ભાગ લીધો હતો. જેમાં અંડર ૧૪ વિભાગમાં ગોળાફેક અને લાંબી કુદમાં વિશાલકુમાર માનાભાઈ પરમાર પ્રથમ ક્રમે, ઉંચીકૂદ બહેનોમાં અસ્મિતાબેન રણજીતસિંહ ઠાકોર પ્રથમ ક્રમે, ઉંચી કૂદ ભાઈઓમાં જનકકુમાર બી. પરમાર દ્વિતીય ક્રમે, લાંબી કુદ બહેનોમાં દેવચાની કાળુસિંહ પરમાર તૃતીય ક્રમે, અંડર ૧૧ વિભાગમા ૫૦ મીટર દોડમાં કિંજલબેન ડાયાભાઈ ઠાકોર તૃતીય નંબર મેળવેલ છે. તમામ બાળકોને માર્ગદર્શન અને પ્રેક્ટિસ શાળાના આ.શિ. મોહનભાઈ રાયજીભાઈ સોલંકી અને જીગ્નેશકુમાર ભાઈલાભાઈ ડબગર દ્વારા કરાવવામાં આવી હતી અને બાળકોની સાથે રહી પ્રોત્સાહન પૂરૂં પાડ્યું હતું. શાળાના તમામ શિક્ષકોએ બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.

# સંતરાપુર તાલુકાના ઉંબેર ગામનો બ્રિજ વાહન ચાલકો માટે જોખમી



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર તાલુકાના આવેલા ઉંબેર ગામ સંતરામપુર થી ગોધરા સુધી તમામ વાહનો નાના–મોટા ૨૪ કલાક આજ બ્રિજ ઉપરથી પસાર થતા હોય છે. બ્રિજ ઉપરથી વાહનો પસાર થતાં બ્રિજ નીચેથી પોપડા કુકડીને નીચે પડતા હોય છે અને મોટા વાહનો પસાર થતાં જ બ્રિજ માંથી અવાજ આવતો હોય છે. થોડા સમય અગાઉ જ આ બ્રિજની બંને બાજુ સાઈડો તૂટી ગયેલી જોવાઈ રહી છે. આઝાદી વખતે બનાવેલો આ બ્રિજ ધીરે ધીરે તેનું આયુષ્ય ઘટતું ગયું છે અને જોખમ વધી રહ્યું છે. ગમે ત્યારે પણ મોટી દુર્ઘટના પણ બની શકે છે. માત્ર પસાર થવા માટેનો વાહનોને પસાર થવા માટેનો માત્ર એક બ્રિજ છે. જ્યારે વાહનોની સંખ્યા વધી જતા બ્રિજની પહોળાઈ ઓછી પડતી હોય છે. એક સાથે બે વાહનો પસાર કરી શકતા નથી અને ભારે વાહનો પસાર થવા માટે અઘરૂં બનતું હોય છે. મોટી ટ્રકો બસ ટ્રાવેલ શો અન્ય વાહનો અહીંયા થી પસાર થતા હોય છે. આ જગ્યા બ્રિજ ઉપર અત્યાર સુધી કોઈ ધ્યાન આપ્યું જ નથી સ્ટેટ વિભાગ દ્વારા આ બ્રિજ ઉપર એકવાર મુલાકાત લેતો કે આ બ્રિજ કેટલો જોખમી કારક બનેલો છે. વર્ષોથી આ જ પરિસ્થિતિમાં જોવાઈ રહ્યો છે. સ્ટેટ વખત બંધાયેલો હોવાથી સ્થિતી ગંભીર જોવાઈ રહી છે અને સૌથી વધારે અકસ્માત સર્જાતા હોય છે. આખું બ્રિજ જર્જરિત હાલતમાં દેખાય રહ્યો છે.

# મહીસાગરના અંતરિયાળ ગામમાં જઈને મહિલાઓને "કાનૂની જાગૃતિ શિબિર" કરી માહિતગાર કર્યા



લુણાવાડા,
સખી વન સ્ટોપ સેન્ટર, મહીસાગર તથા મહિલા પોલીસ સ્ટેશન તેમજ મહિલા સહાયતા કેન્દ્ર સકલનથી મહીસાગર જિલ્લાના આંતરિયાળ નાના માખલ્યાં ગામમાં જઈને મહિલાઓને કાયદાકીય માહિતી આપી હતી.

આ શિબિરમાં સખી વન સ્ટોપ સેન્ટરના કેન્દ્ર સંચાલક દીપિકાબેન ડોડીયાર તેમને મહિલાઓની સુરક્ષા મળી રહે તે માટે ''હિંસાથી પીડિતમહિલાઓ માટે તમામ સમસ્યાઓનું સમાધાન માટે એક માત્ર સ્થળ'' ''સખી'' વન સ્ટોપ સેન્ટર જ્યાં ૫ સેવા મળે છે જેવીકે (૧) કાઉન્સેલીગ (૨) કાયદાકીય સેવા (૩) પોલીસ સેવા (૪) તબીબી સેવા (૫) હંગામી ધોરણે આશ્રય. આ સેવા જનરલ (કોટેજ) હોસ્પિટલ કેમ્પસમાં ખાતે સતત ૨૪ કલાક ૭ દિવસ નિઃશુકલ કાર્યરત છે ઉપરાંત મહિલા શસ્ત્રીકરણ માટે સ્ત્રીઓને પોતાના અધિકારો વિશે તથા જેમને મહિલા સુરક્ષા યોજના વિશે જાણ જ નથી તેવીઅંતરિયાળ વિસ્તારોની મહિલાઓ સુધી પહોચીને તેમને માહિતગાર કરવાનો પ્રયાસ કર્યો હતો. એ પણ મહિલાઓને પોતાના પર થતા અત્યાચારોને સહન ન કરતા, કોઈપણ ભય વિના સખી વન સ્ટોપ સેન્ટર તથા મહિલા પોલીસ સ્ટેશન સંપર્ક કરવો તેમજ અંધશ્રદ્ધા અને વહેમ જેવી બાબતોથી સજાગ થાવા માટેની સચોટ માહિતી આપી હતી. તથા મહિલા પોલીસ સ્ટેશન ના અર્જ્ઈ જસીબેન તેમને મહિલાલક્ષી કાયદાકીય તેમજ પોલિશ સ્ટેશન માં આવતા કેસ ઉદાહરણ આપી બહેની ને સરળ ભાશા માહિતગાર કર્યા હતા. તેમજ મહિલા સહાયતા કેન્દ્રના કાઉન્સેલર નીલેશ્વરિબેન, હંસાબેન તેમને ડઈજ્ઈ યોજના વિશે સંપૂર્ણ માહિતી આપેલ.

આમ, સખી વન સ્ટોપ સેન્ટર તથા મહિલા પોલીસ સ્ટેશન સ્ટાફ મળી અંતરિયાળ વિસ્તારમાં જઈ મહિલા કાનૂની જાગૃતિ શિબિર કરેલ.

# આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંતરામપુર NSS યુનિટની વાર્ષિક શિબિર યોજાઇ




તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
તા–૨૧/૦૩/૨૦૨૨ ના રોજ સંતરામપુર તાલુકાના ફળવા ગામે શુભારંભ કરવામાં આવ્યો. કોલેજ પ્રિન્સિપાલ ડો. અભય પરમારના અદયક્ષ સ્થાને ગામના સરપંચ મંજુલાબેન, માજી સરપંચ દીપાભાઈ ડામોર, SMC અધ્યક્ષ નરવતભાઈ ખાંટ, શાળાના આચાર્ય મહિપતસિંહ રણા, કોકિલાબેન ડામોર તેમજ ગામના વડીલ આગેવાનો શાળાના બાળકો અને NSS વોલન્ટીયર્સની હાજરીમાં શિબિરનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું. સાત દિવસ સુધી ચાલનારી આ શિબિરમાં સામાજિક જાગૃતિ અને સમાજ સેવાના વિવિધ વિષયો લઈને કાર્યક્રમો કરવામાં આવશે.

# દે.બારીઆના હિંદોલીયા ગામે બાઈક ખાડામાં પડતા બે વ્યકિતના મોત

દે.બારીઆ,
દે.બારીઆ તાલુકાના હિંદોલીયા ગામે લગ્નમાં જતા મોટરસાયકલ ઉપર કાબુ ગુમાવતા બે ઈસમોનુ મોત નીપજયું હોવાનો બનાવ પીપલોદ પોલીસ મથકે નોંધાયેલ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીઆ તાલુકાના વિરોલ ગામના મહેશ રૂપા વણકર અને વિપુલ ભલા વણકર એમ બંને જણા એક મિત્રની મોટરસાયકલ લઈને પીપલોદ નજીકના સાલિયા ગામે પ્રદિપ લક્ષ્મણ વણકરના ઘરે જવા માટે નીકળેલ હતા. અને ત્યાંથી ભુલર ગામે લગ્નપ્રસંગ મોટર સાયકલ લઈને જતી વખતે હિંદોલીયા ગામે રાત્રિના નવેક વાગ્યાના સુમારે ઓચિંતા ગાડી ઉપરનો કાબુ ગુમાવતા ગાડી રોડની સાઈડમાં ખાડામાં ફંગોળાઈ પડી હતી. મોટરસાયકલનો ચાલક મહેશ રૂપા વણકરનુ સ્થળ ઉપર મોત નીપજયું હતુ. જયારે પાછળ બેઠેલો પ્રદિપ લક્ષ્મણ વણકર અને રણજીત વણકરને ઈજાઓ થતા પીપલોદ સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જયાં વધુ સારવાર મળે તે પહેલા પ્રદિપ લક્ષ્મણ વણકરનુ પણ મોત નીપજયું હતુ. જયારે વિપુલ ભલા વણકરને વધારે ગંભીર ઈજાઓ નહિ હોય સારવાર કરાવી રજા અપાઈ હતી. આ બાબતે પીપલોદ પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# દાહોદ તેરાપંથ સભાની આગેવાનીમાં કલમ જૈન સમાજ દ્વારા શ્રદ્ધાંજલી સભા યોજી

દાહોદ,
દાહોદ ખાતે તેરાપંથ સભાની આગેવાનીમાં કલમ જૈન સમાજ દ્વારા શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં મોટી સંખ્યામાં વિવિધ જૈન સમાજના શ્રાવક સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

દાહોદ શહેરના ઈન્દૌર રોડ ખાતે આવેલ તેરાપંથ ભવનમાં ગત રોજ તેરાપંથ સભાની આગેવાનીમાં કલમ જૈન સમાજ દ્વારા એક શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્ય મહાશ્રમણના સમક્ષ સંથારા પોતાના દેહનો ત્યાંગ કરનાર પ્રમુખને સમાજજનો દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. તેઓ ઘણા સમયથી કેન્સરની બિમારીથી ઝઝુમી રહ્યાં હતાં. તેરાપંથ સભા કેસુર દ્વારા સ્મૃતિ સભાના આયોજન કરી સાદવી દ્વારા ધર્મસંઘમાં કરેલ કાર્યોનું વર્ણન શ્રદ્ધાંજલિ સ્વરૂપે અર્પણ કરવામાં આવી હતી. આ સભામાં વિવિધ જૈન સમાજના શ્રાવક સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં. સકલ જૈન સમાજના વિવિદ સંઘોના પ્રમુખ તેમજ અગ્રણીઓએ શાસન માતા પ્રમુખ સાદવી કનક પ્રભુજીને શ્રદ્ધાસુમન અર્પણ કરી તેમના જીવન ઝરમર વિશે ગુણગાન કર્યાં હતાં.

(પાન નં.૧ નું ચાલુ)

## પુષ્કર સિંહ ધામી ઉત્તરાખંડના......

અંદર વિધાનસભા માટે ચૂંટાઈ ન આવવાના કારણે રાજીનામું આપ્યું હતું. પુષ્કર સિંહ ધામીએ અનેક વર્ષો સુધી વિદ્યાર્થી શાખા એબીવીપીમાં વિવિધ પદો પર કામ કર્યું છે. તેમણે બે કાર્યકાળ માટે ઉત્તરાખંડમાં ભાજપની યુવા વિંગના અધ્યક્ષ તરીકે પણ કામ કર્યું છે.

મુખ્યમંત્રી બન્યા બાદ પુષ્કર સિંહ ધામીએ આગામી ૬ મહિનાની અંદર વિધાનસભાના સભ્ય બનવું પડશે. હવે પાર્ટીએ એ અંગે માથાપચ્ચી કરવી પડશે કે પુષ્કર સિંહ ધામીને કઈ બેઠક પરથી કેવી રીતે ચૂંટણી લડાવવામાં આવે. બંધારણની કલમ ૧૬૪ (૪)માં જોગવાઈ કરવામાં આવી છે કે કોઈ વ્યક્તિ જો વિધાનસભાનો સભ્ય ન હોય તો તે ૬ મહિનાથી વધુ સમય સુધી મંત્રી પદ પર રહી શકે નહીં. આવામાં તેણે ૬ મહિનાની અંદર સદનની સદસ્યતા લેવી પડશે. જો આમ ન થઈ શકે તો તેમણે સીએમની ખુરશી છોડવી પડી શકે છે.

દરમિયાન ઉત્તરાખંડના મુખ્યપ્રધાન તરીકે પુષ્કરસિંહ ધામી શપથગ્રહણ કરે તે પહેલા જ એક્શનમાં જોવા મળ્યા હતાં અને તેઓએ વચન આપ્યુ હતુ કે, સીએમ પદ સંભાળ્યા બાદ તેઓ આપેલા તમામ વચનો પૂરા કરશે જે ભાજપે ચૂંટણી પહેલા આપ્યા હતા. તેમાં યુનિફોર્મ સિવિલ કોડનો પણ સમાવેશ થાય છે. ચૂંટણી પહેલા ધામીએ પોતાની રેલીઓમાં યુનિફોર્મ સિવિલ કોડનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, તેઓ કાયદો ઘડવા માટે કમિટીની રચના કરશે. જેમાં કાયદાકીય નિષ્ણાંતો, વરિષ્ઠ નાગરિકો અને બુદ્ધિજીવીઓને સામેલ કરાશે.

ઉલ્લેખનીય છે કે, સમાન નાગરિક સંહિતા એટલે કે, યુનિફોર્મ સિવિલ કોડનો અર્થ થાય છે કે, ભારતમાં રહેનારા તમામ નાગરિકો માટે એક સમાન કાયદો હશે, પછી ભલે તે કોઈ પણ ધર્મ કે જાતિના કેમ ન હોય. તેમાં લગ્ન, તલાક અને જમીન-જાયદાતના ભાગલામાં તમામ ધર્મ માટે એક જ કાયદો લાગુ થશે.

# મહિલાઓને પર્સનલ લોનની લાલચ આપી મહિલા દિઠ રૂ.૩૦૦૦ની ઉઘરાણી કરી ગઠીયો ફરાર

વલસાડ,
વલસાડ જિલ્લામાં જરૂરિયાતમંદ મહિલાઓને પર્સનલ લોન આપવાની લાલચ આપી અને દરેક મહિલા દિઠ રૂપિયા ૩૦૦૦ થી વધુ ને ઉઘરાણી કરી લાખો રૂપિયાનું ફુલેકું ફેરવી અને એક કથિત ફાયનાન્સ કંપનીના સંચાલકો રાતોરાત ગાયબ થઈ ગયા છે. વલસાડ શહેરના વિવિધ વિસ્તારોની ૫૦ થી વધુ મહિલાઓ સાથે છેતરપિંડી કરી અને લાખો ની ઉઠાંતરી કરી અને ફરાર થઈ ગયેલા કંપની સંચાલકો ઓફિસને તાળું મારું ગાયબ થઈ જતાં છેતરાયેલી મહિલાઓ એ વલસાડ સીટી પોલીસ નું શરણ લીધું હતું. અને પોતાની સાથે થયેલી છેતરપિંડીની લેખિત રજૂઆત કરી. પોલીસ સમક્ષ ન્યાય અપાવવાની માંગ કરી હતી. બનાવની વિગત મુજબ વલસાડના હાલર રોડ પર આવેલા આવાબાઈ શોપિંગ કોમ્પલેક્ષમાં સહયોગ માઈક્રો ફાયનાન્સ નામથી કેટલાક લેભાગુ થોડા દિવસ અગાઉ એક ઓફિસ શરૂ કરી હતી. ઓફિસમાં બેસતાં સંચાલકો અને સ્ટાફ વલસાડના વિવિધ વિસ્તારોમાં ફરી અને મહિલાઓને ૧૦-૧૦ નું ગ્રુપ ગ્રુપ બનાવી અને તેમને ૫૦ હજારથી લઈ એક લાખ રૂપિયાની પર્સનલ લોન આપવાની લાલચ આપી હતી.

શરૂઆતમાં મહિલાઓનો વિશ્વાસ કેળવવા તેઓએ સરકારની કોઈ યોજના હોય એવી રીતે લોન માટે ફોર્મ ભરાવ્યા હતા. ત્યાર બાદજરૂરિયાતમંદ અને મહિલાઓ પાસે પ્રત્યેક મહિલા દીઠ રૂપિયા ૩૦૦૦ની ફી વસૂલતી હતી. ફી વસુલ કર્યા બાદ ગણતરી ના બાદ કલાકોમાં જ જે તે મહિલાના બેંક એકાઉન્ટમાં લોનની રકમ જમા થઈ જશે, તેવી લાલચ આપી હતી.

નજીવી રકમમાં ૫૦ હજાર થી ૧ લાખ રૂપિયાની પર્સનલ લોન મેળવવાની લાલચે વલસાડ શહેર અને જિલ્લાની અસંખ્ય જરૂરિયાત મંદ મહિલાઓએ આ સહયોગ માઈક્રો ફાયનાન્સ નામની કંપની ને અઢીથી ત્રણ હજાર રૂપિયાની ફી ચૂકવી હતી. અને ગણતરીના કલાકોમાં જ પોતાના ખાતામાં ૫૦ હજાર થી લઈ ૧ લાખ રૂપિયાની લોનની રકમ જમા થઈ જશે તેની રાહ જોઈ રહ્યા હતા. જોકે કંપની સંચાલકો એ આપેલા વાયદા પ્રમાણે બેંકમાં રકમ નહીં જમા થતાં મહિલાઓ કંપની ની ઓફિસ પહોંચી અને રજૂઆત કરી હતી. આથી કંપની સંચાલકોએ સર્વરમાં ખામી હોવાનું જણાવી બીજા દિવસે લોનની રકમ જમા થશે તેવું આશ્વાસન આપ્યું હતું. આથી મહિલાઓએ ઘરે ગઈ હતી. અને બીજા દિવસે પણ પોતાનું ખાતું ચેક કરતા એક પણ રૂપિયો જમા નહીં થતાં તેઓ રજૂઆત કરવા આવા આવા શોપિંગમાં આવેલી સહયોગ માઈક્રો ફાયનાન્સ કંપનીની ઓફિસે પહોંચી હતી.

જોકે ઓફિસે પહોંચતા જ દ્રશ્ય જોયા તે જોઈને મહિલાઓ ચોંકી ગઈ હતી. કારણકે જે કંપની નજીવી ફી લઈ અને ૫૦ હજાર થી ૧ લાખ રૂપિયાની લોન આપવાની લાલચ આપી હતી. તે કંપનીની ઓફિસમાં જ ખંભાતી તાળા લાગેલા હતા. આથી મહિલાઓએ ફોન પર કંપની સંચાલકોને કરવા પ્રયાસ કરતાં સંપર્ક પણ નહીં થઈ શકતા, આખરે પોતે છેતરાયા હોવાનો અહેસાસ થયો હતો.અને મહિલાઓ વલસાડ સીટી પોલીસના શરણે પહોંચી હતી. અને વલસાડ સિટી પોલીસ સ્ટેશનમાં લેખિત રજૂઆત કરી અને પોતાની સાથે થયેલી છેતરપિંડી જણાવી અને પોલીસ સમક્ષ ન્યાય અપાવવાની માંગ કરી હતી. આથી વલસાડ સીટી પોલીસે પણ મહિલાઓની અરજી લઈ અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

અગાઉ પણ જિલ્લામાં ચીટ ફંડના નામે અનેક કંપનીઓ લોભામણી લાલચ આપી અને જરૂરિયાતમંદ લોકોને પાસેથી ફીના નામે કે વિવિધ સ્કીમના નામે ઉઘરાણા કરી અને રાતોરાત ફરાર થઈ ગઈ હોવાના બનાવો બની ચૂકયા છે. ત્યારે ફરી એક વખત વલસાડ શહેરમાં સહયોગ માઈક્રો ફાયનાન્સ નામની કંપનીએ જરૂરિયાત મહિલાઓને લોભામણી લાલચ આપી અને લાખો રૂપિયાનું ફુલેકું ફેરવી ને રાતોરાત ગાયબ થઈ જતાં મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યા છે.. આથી વલસાડ સીટી પોલીસે પણ આ મામલે જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. જોકે અત્યારે તો છેતરાયેલી મહિલાઓ મીડિયા સમક્ષ પોતાની વ્યથા ઠાલવી રહી છે.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે વ્યસ્ત બની શકે છે. નોકરી હોય કે ધંધો આજે તમારે બંને માટે દોડવું પડી શકે છે. આજે બપોર સુધીમાં જો તમે તમારા છૂટાછવાયા વ્યવસાયને યોગ્ય રીતે પૂરા કરો તે યોગ્ય રહેશે, નહીં તો તમને આગળ મુશ્કેલી થઈ શકે છે.

વૃષભ : આજનો દિવસ તમારા માટે શુભ દિવસ છે અને આજે તમને ક્યાંકથી મોટી રકમની અપેક્ષા છે. અચાનક મોટી રકમની આવકને કારણે ભંડોળમાં વધારો થશે. તમારી સમસ્યાઓ તમારા પોતાના દમ પર ઉકેલવાનો પ્રયાસ કરો.

મિથુન : આજનો દિવસ ખૂબ વ્યસ્ત છે અને તમે આજે કોઈ કામમાં ફસાઈ જશો. આજે કેટલીક વિશેષ વ્યવસ્થા કરવામાં ખર્ચ કરવામાં આવશે. આજે દુનિયાને જોવાનો તમારો દ્રષ્ટિકોણ બદલાઈ શકે છે.

કર્ક : આજે તમારી રાશિના ગ્રહોના વિશેષ યોગ તમને દરેક કાર્યમાં સફળતા પ્રાપ્ત કરશે. આજે તમારી પ્રતિષ્ઠા વધશે અને તમારી લોકપ્રિયતા પણ વધશે. વિરોધીઓને પરાજિત કરવામાં આવશે અને દુશ્મનોના ઈરાદાને નિષ્ફળ કરવામાં આવશે.

સિંહ : આજે તમારા માટે શુભ દિવસ છે અને આજે તમારા અટકેલા પૈસા ફરી મળી શકે છે. પ્રતિષ્ઠા અને સંપત્તિ પ્રાપ્ત થવાના સંકેતો છે અને નસીબ પણ તમને ટેકો આપે છે.

કન્યા : આજે તમારો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે અને તમે જૂના બગડેલા કામને સુધારવાનો પ્રયત્ન કરશો. કોઈ નિષ્ણાતની સલાહ ભવિષ્યમાં તમારા માટે ઉપયોગી સાબિત થશે અને આજે તમને તમારા કેટલાંક વિચારેલા કામ કરવામાં આનંદ થશે.

તુલા : આજનો દિવસ તમારા માટે ખૂબ વ્યસ્ત રહેશે. આજે ભાગદોડ રહેશે. તમારે તમારા જીવનસાથીના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું પડશે, તમારું સ્વાસ્થ્ય પણ નરમ રહેશે. સાંજે મહેમાનો થોડા સમય માટે આવી શકે છે.

વૃશ્ચિક : આજે તમને સફળતા મળશે. આજે તમારી ઈચ્છા પૂર્ણ થશે અને તમને સફળતા મળશે. શુભ કાર્યો સ્થાનિક સ્તરે પણ ગોઠવી શકાય છે. ધાર્મિક કાર્યમાં રુચિ વધશે અને નજીકની મુસાફરી શક્ય છે.

ધનુ : આજે તમારો દિવસ કેટલાક મામલે પ્રતિકૂળ હોઈ શકે છે. આજે તમને ક્યાંકથી સારો નફો મળી શકે છે પરંતુ તમારા ખર્ચ પણ ક્યાંક વધી શકે છે. સંતાન તરફથી આનંદદાયક સમાચાર મળશે અને ઘરમાં આનંદનું વાતાવરણ રહેશે.

મકર : આજનો દિવસ તમારા માટે આનંદદાયક અને શુભ છે અને તમારી ખુશીમાં વધારો થશે. આજે તમે તમારા માટે સમય આપશો અને તમને ગમતી વસ્તુઓ કરવા માટે સમર્થ હશો.

કુંભ : આજનો દિવસ શુભ દિવસ છે અને ભાગ્યની મદદથી તમને તે બધું મળશે જેનો તમે વિચાર કરી રહ્યા હતા. કાર્યસ્થળમાં સ્થળાંતર થવાની સંભાવનાઓ છે જે ભવિષ્યમાં તમારા માટે ભાગ્યશાળી સાબિત થશે. ઓફિસના લોકો તમારી વાતથી ખુશ અને પ્રભાવિત થશે.

મીન : આજે તમારો દિવસ દાનમાં વિતાવશો. તમારે સંવેદનશીલતાથી તમારી જાતની સંભાળ લેવી પડશે. તમે આજે જે લોકોની મદદ કરી રહ્યા છો, ભવિષ્યમાં ક્યાંક આ લોકો કામમાં આવશે. નોકરી કે કાર્યક્ષેત્રમાં મૌન રહેવું આજે લાભકારક રહેશે. દલીલો અને તકરાર ટાળો.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગોધરા તાલુકાના ચિખોદ્રાની નોંધ-૨ ઓનલાઈન અપલોડ ન થવા દેવામાં કેટલાક ભુમાફિયાઓની ચાલ... ??

ગોધરા,
ગોધરા તાલુકાના મોજે ચિખોદ્રાની નોંધ નંબર-૨ જે રામજી મંદિર ટ્રસ્ટની માલિકીની હોય ઈ-ધરા મામલતદાર જે ઓનલાઈન હોવા છતાં આ નોંધ ઓનલાઈન અપલોડ કરવામાં આવેલ નથી. નોંધ ઓનલાઈન અપલોડ કરવા માટે તલાટી, મામલતદાર અને પ્રાંત અધિકારીને સંપૂર્ણ કોઈપણ નોંધ અંગે પુરેપુરા અધિકાર આપેલ હોય અને આ નોંધ નંબર-૨ જે ઓનલાઈન હોવા છતાં કેટલાક હિતધરાવતા અસામાજીક તત્વોના મેળાપીપણામાં નોંધ નંબર-૨ ઓનલાઈન અપલોડ કરવામાં આવેલ નથી. રામજી મંદિર ટ્રસ્ટની નોંધ-૨ અંગેનો અહેવાલ અખબારમાં પ્રસિધ્ધ થયેલ હોવા છતાં નોંધ નંબર-૨ અંગે જીલ્લા કલેકટર પંચમહાલ રેવન્યુ વિભાગના કર્મચાર-અધિકારી દ્વારા આ બાબતે વહીવટી નામે કાળજી લીધેલ નથી.

ગોધરા તાલુકાના મોજે ચિખોદ્રામાં રામજી મંદિર ટ્રસ્ટની જમીન આવેલ હોય અને નોંધ નંબર-૨ રામજી મંદિરની હોય આ નોંધ નંબર-૨ ઈ-ધરા મામલતદાર જે ઓનલાઈન હોવા છતાં ઓનલાઈન અપલોડ કરવામાં આવી નથી. ચિખોદ્રા ગામની નોંધ નંબર-૨ ઓનલાઈન અપલોડ ન કરવામાં કેટલાક હિતધરાવતા વ્યકિતઓના મેળાપીપણામાં કરવામાં આવતી નથી. નોંધ નંબર-૨ રામજી મંદિર ટ્રસ્ટની નોંધ ઓનલાઈન ન હોવાના કારણે ચિખોદ્રા ગામની મંદિરની જમીનોનો કબ્જો ધરાવતા ઈસમો અન્ય વ્યકિતઓને વેચાણ દસ્તાવેજ કરી રહ્યા છે અથવા ચિખોદ્રા ગામના જે તે સમયે સરકારશ્રીના નિયમો મુજબ ગણોતધારા હેઠળ ખેતી માટે જમીન ફળવાયેલ હતી. તેવી જમીન શરત ભંગ થતાં સરકારી પડતર થયેલ હતી. તેવી જમીનો શરત ભંગ થતાં સરકારી પડતર થયેલ હતી. સરકારી પડતર જમીનનો કબ્જો મેળવવા માટે કેટલાક હિત ધરાવતા વ્યકિતઓ દ્વારા ખોટા દસ્તાવેજી પુરાવા તેમજ મુળ ગણોતિયાના મૌખિક કરારના આધાર બનાવવામાં આવ્યા હોય અને આવા ખોટા દસ્તાવેજી પુરાવાના આધાર હોવા છતાં ગોધરા ગ્રામ્ય મામલતદાર દ્વારા હિત ધરાવતા વ્યકિતને ખોટા દસ્તાવેજ હોવા છતાં ઓછી કિંમત કબ્જા હકકનો હુકમ કરવામાં આવ્યો છે. જો ચિખોદ્રા ગામની નોંધ નંબર-૨ને ઓનલાઈન અપલોડ થયેલ હોય તો આવા બોગસ વ્યકિતઓ જમીન પડાવી લેવા તેમજ પોતાના કબ્જાની જમીનો ઉંચા ભાવે વેચી નાખતા હોય તે બંધ થાય તેમ છે. ત્યારે જીલ્લા રેવન્યુ વિભાગ દ્વારા ચિખોદ્રાની નોંધ નંબર-૨ ઓનલાઈન અપલોડ કરવા માટે તજવીજ કરશે કે પછી રેવન્યુ વિભાગ આવી લાલીયાવાડી કેટલાક હિત ધરાવતા વ્યકિતઓ મીટે ચાલુ રાખશે.

# હાલોલ તાલુકા કક્ષાએથી તરખંડા પંચાયતમાં વિકાસના કામો રોકી દેવાનો આક્ષેપ

હાલોલ,
હાલોલ તાલુકાના તરખંડા ગ્રામ પંચાયતનો વિકાસ તાલુકા કક્ષાએથી થંભાવી દીધો હોવા અંગેની ગ્રામ પંચાયતના એક સભ્ય દ્વારા મુખ્યમત્રીને લેખિતમાં રજીસ્ટર પોસ્ટ એડીથી રજુઆત કરવામાં આવી હોવાનુ જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર તરખંડા ગ્રામ પંચાયતની ચુંટણી થયાને આજે લગભગ ત્રણ માસ જેટલો સમય વિતી ગયા પછી પણ વિકાસના કામો શરૂ ન થતાં લોકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે ત્યારે તાલુકા લેવલે અને ગ્રામ્ય લેવલે એક જ પક્ષની અને એક જ ગામની રાજકિય વ્યકિતઓ હોવા છતાં તરખંડા ગ્રામ પંચાયતનો વિકાસ થંભાવી દીધો હોવા અંગેની પંચાયતના એક સભ્ય દ્વારા જ મુખ્યમંત્રીને લેખિતમાં રજુઆત કરાઈ છે. હાલોલ તાલુકા પંચાયતના પ્રમુખ અને તરખંડા પંચાયતના ડે.સરપંચ બંને તરખંડા ગામની જ રાજકિય વ્યકિતઓ છે અને આ બંને ભાજપના જ કાર્યકરો છે તેમ છતાં આ બંનેની સત્તારૂપી ખુરશીની ખેંચતાણમાં ગામનો વિકાસ રૂંધાઈ જતા પ્રજાને સહન કરવાનો વારો આવ્યો છે. ગત ડિસેમ્બર ૨૦૨૧માં તરખંડા ગ્રામ પંચાયતની ચુંટણી યોજાઈ હતી. જેમાં હાલોલ તાલુકા પંચાયતના પ્રમુખે પોતાની ધર્મપત્નિના નામે ચુંટણીની પેનલ બનાવી હતી પરંતુ ગામની શિક્ષિત પ્રજાએ એકની એક વ્યકિતના ઘરમાં એટલે કે તાલુકા પ્રમુખના ઘરમાં બે સત્તા ન હોવી જોઈએ એવુ વિચારીને તેઓની પેનલને પ્રજાએ જાકારો આપી દીધો હતો.


હાલોલ તાલુકા પંચાયતની ચુંટણીમાં હાલના પ્રમુખને અને ગ્રામપંચાયતની ચુંટણીમાં હાલના તરખંડા પંચાયતના ડે.સરપંચને એક જ ભાજપ પક્ષના ગામનો સારો વિકાસ તેમ સમજીને મતદારોએ ખોબે ખોબા ભરીને મત આપ્યા હતા. અને હાલમાં હાલોલ તાલુકા પંચાયતના પ્રમુખ તરખંડા ગામના વતની હોવા છતાં તરખંડા ગ્રામ પંચાયત માટે મોસાળમાં પીરસનાર કહેવત ખોટી પુરવાર થઈ રહી છે. હજુ સુધી નવા ચુંટાયેલા સરપંચ અને સભ્યો દ્વારા ગામમાં એકપણ વિકાસનુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી. ગ્રામ પંચાયતની ચુંટણી પુર્ણ થયા બાદ તાત્કાલિક હાલોલ તાલુકાની અંદરો અંદર તલાટીઓની બદલી કરી દેવાઈ છે ત્યારે પાડે પાડા લડે અને ઝાડોનો ખોડો નીકળે એવી હાલત તરખંડા પંચાયતના મતદારોની થવા પામી છે. ગ્રામ પંચાયતની ચુંટણીમાં તાલુકા પ્રમુખની પેનલના સભ્યોની કારમી હાર થતાં જ શબ્દો ઉચ્ચારે છે કે તાલુકા લેવલેથી એકપણ કામ નહિ આપુ તેવુ લોકમુખે કહી રહ્યા છે તેવો પણ લેખિત રજુઆતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ત્યારે આ બાબતે નવા ચુંટાયેલા સરપંચ અને સભ્યોને યોગ્ય ન્યાય નહિ મળે તો આગામી સમયમાં કોર્ટના દ્વાર ખખડાવીને ન્યાય મેળવવામાં આવશે તેવુ જણાવવામાં આવ્યુ છે. હવે આગામી સમયમાં વિધાનસભાની ચુંટણીઓ યોજાવાની છે ત્યારે ગામડાઓના વિકાસની બાબતમા અડચણરૂપ બનતો અંદરો અંદરનો જુથવાદ સત્તાધી પક્ષ માટે શું પરિણામ લાવશે તે જોવુ રહ્યુ...!

# કાલોલ તાલુકાના વરવાડા ગામે સીમમાં ખેતરના શેઢા ઉપર થી મહિલાનો હત્યા કરાયેલા મૃતદેહ મળ્યો

કાલોલ,
કાલોલ તાલુકાના વરવાડા ગામે ખેતરના શેઢા ઉપર ઝાડના પાંદડા નીચે ડાટી રાખેલ મહિલાનો મૃતદેહ મળી આવ્યો. પતિ-પત્ની વચ્ચે થયેલ ઝગડામાં પતિએ ઉશ્કેરાઈ જઈને લાકડાના ફટકા મારી મોત નિપજાવી મૃતદેહનો નિકાલ કરવાના આધારે સંતાડી રાખેલ મૃતદેહ મળી આવતાં આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના વરવાડા ગામે પર્વતસિંહ પટેલના શેઢા ઉપર ઝાડના પાંદડા નીચે સંતાડી રાખેલ મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. ગ્રામજનો દ્વારા તપાસ કરતાં વરવાડા ગામે રહેતા લાલા ઉર્ફે ટીકા જશુભાઈ નાયકની પત્ની હોવાનું ખુલવા પામ્યું હતું. પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતદેહનો કબ્જો મેળવવામાં આવ્યો હતો. ગ્રામજનો કહેવા મુજબ લાખો ઉર્ફે ટીકા જશુ નાયક અને તેતી પત્ની સુમિત્રા રસ્તા ઉપર થી ચાલતા જતી વખતે ઝગડો કરતા હતા. અને તેના પતિ ગાળો આપતો હતો અને હું તેને મારી નાખીશ તેવું કહેતા સાંભળવા મળેલ હતા. ત્યારબાદ પતિ અને પત્ની વચ્ચે ઝગડાએ ઉગ્ર સ્વરૂપ લેતાં ઉશ્કેરાયેલ પતિ લાખો ઉર્ફે ટીકો જશુ નાયકે લાકડાના ફટકા મારીને પત્ની સુમિત્રાને ગંભીર ઈજાઓ પહોંચાડી મોતને ઘાટ ઉતારી હતી અને મૃતદેહનો નિકાલ કરવા માટે સીમમાં ખેતરના શેઢા ઉપર ઝાડના પાંદડા નીચે મૃતદેહ સંતાડી રાખેલ હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ સામે આવ્યું છે. કાલોલ પોલીસ ગુનો નોંધી તપાસ કાર્યવાહી હાથ ધરી છે.

# ઘનેશ્વરના ખેડૂતો નો પાણી વિના પાક સુકાયો : અધિકારીના ગોળ ગોળ જવાબો



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના ઘનેશ્વર ગામે સિંચાઈનું પાણી ન મળવાના કારણે ખેડૂતોનો પાક સુકાઈ રહ્યો છે. જેથી ઘનેશ્વર ગામના ખેડૂતોએ સિંચાઈ વિભાગને ટેલિફોનિક રજૂઆત કરતાં હાજર અધિકારીએ ૧૫ દિવસ પછી પાણી છોડવાની વાત કરી હતી જેથી ગ્રામજનોએ ઘોઘંબા ખાતે આવેલ નાની સિંચાઈ ઓફિસે રૂબરૂ રજૂઆત કરતાં હાજર અધિકારી દ્વારા ગોળગોળ જવાબો આપતા ખેડૂતો રોષે ભરાયા હતા.

પશુપાલન અને ખેતી ઉપર નભતા ઘનેશ્વર ગામના ખેડૂતોને જિંજરી ડેમનું પાણી ન મળતાં ખેડૂતો પાક સૂકાતો હતો. જેથી ખેડૂતોએ નાની સિંચાઈના કાર્યપાલક ઈજનેરને રજૂઆત કરતાં હાજર અધિકારીએ ગોળગોળ જવાબો આપી પંદર દિવસની રાહ જોવા જણાવ્યું હતું. જિંજરી ડેમમાં લાઈવ સ્ટોક હોવા છતાં અધિકારી પાણી છોડવામાં ગલ્લાં તલ્લાં કરે છે. જેથી ખેડૂતોએ ઉચ્ચ કક્ષાએ પણ રજૂઆત કરી હતી. જેના કારણે અધિકારી દ્વારા હજુ બે-ત્રણ દિવસ રાહ જોવાની વાત કરી હતી. મચ્છી ઉદ્યોગને સીધો ફાયદો થાય તે હેતુસર પાણી છોડતા નથી. તેવા આક્ષેપો ખેડૂતો દ્વારા કરવામાં આવ્યા હતા.

# કાલોલ ITI ખાતે દિવ્યાંગ રોજગાર વાંચ્છુકો માટે ખાસ રોજગાર ભરતી મેળો અને શિબિર યોજાઈ




ગોધરા,
આજરોજ જીલ્લા રોજગાર કચેરી ગોધરા દ્વારા સરકારી આઈટીઆઈ કાલોલ ખાતે દિવ્યાંગ ઉમેદવારો માટે ખાસ રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામા આવ્યુ હતું, આ ભરતીમેળામા પંચમહાલ જીલ્લાની ૧૬ ખાનગી કંપનીઓએ ૨૦૦ થી વધારે વેકન્સી નોંધાવી હતી. આ ભરતીમેળામાં હાજર રહેલ ૧૬ નામી કંપનીઓ દ્વારા ૬૧ ઉમેદવારોની પસંદગી કરી છે. જેઓનું મેડીકલ અને કંપની વિઝીટ બાદ ફાયનલ સીલેકશન કરવામાં આવશે, ભરતી મેળામાં ૧૦૦ થી વધુ દિવ્યાંગ ઉમેદવારોએ ભાગ લીધો હતો. ભરતીમેળામાં સ્વરોજગાર માટે અને વોકેશનલ તાલીમ માટે જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર,સમાજ સુરક્ષા કચેરી, બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન, તેમજ નેશનલ કેરીઅર સેન્ટર ફોર ડીફરેન્ટલી એબલ અમદાવાદ અને નાયબ નિયામક ઔધોગીક સલામતી અને સ્વાસ્થય કચેરી દ્વારા ખાસ માર્ગદર્શન આપવામા આવ્યુ હતુ.

# વેજલપુરમાં શ્રી એસ.આર દવે કન્યા વિદ્યાલયમાં ધો.૧૦-૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ અને માતૃ વંદના કાર્યક્રમ યોજાયો


તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,
શ્રી કે.કે. હાઈસ્કૂલ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એસ.આર. દવે કન્યા વિદ્યાલય વેજલપુરના ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો હતો. આ નિમિત્તે માતૃવંદના કાર્યક્રમમાં ઈનામ વિતરણ કાર્યક્રમ તેમજ મહાનુભવોનો સન્માન સમારંભ યોજાયો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે નીલકંઠ કોલેજના ડાયરેક્ટર સરવૈયા, કાલોલ ગાયત્રી પરિવારના અધ્યક્ષ સતિષભાઈ શાહ, વેજલપુર શ્રી કે.કે. હાઈસ્કૂલના મેનેજીંગ ટ્રસ્ટી સતિષભાઈ શેઠ, ભારતીય જ્ઞાન પરીક્ષા સંયોજક કાલોલના સુરેન્દ્રસિંહ ચૌહાણ, હંસાબેન પંચાલ સ્કૂલના પ્રિન્સિપાલ શાળાનો સ્ટાફ બાળકો અને વાલીઓ ઉપસ્થિત રહીયા હતા અને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ગોધરા સ્પોર્ટસ કોમ્પ્લેકસ ખાતે ખેલ મહાકુંભ ૨૦૨૨નું આયોજન કરાયું



ગોધરા,
ગોધરા ખાતે આવેલા સ્પોર્ટસ કોમ્પ્લેકસ ખાતે ખેલ મહાકુંભ ૨૦૨૨ અંતર્ગતની વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી. ખેલ મહાકુંભમાં તાલુકાકક્ષાની સ્પર્ધાઓમાં ૨૦૦ જેટલા રમતવીરોએ ભાગ લીધો.

પંચમહાલ જીલ્લાના ગોધરા ખાતે સ્પોર્ટસ કોમ્પલેકસ ખાતે ખેલ મહાકુંભ ૨૦૨૨નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. પંચમહાલ જીલ્લાના તાલુકા કક્ષાના ખેલ મહાકુંભના વિવિધ રમતો યોજવામાં આવી. જેમાં લાંબી દોડ, ઉંચી કુદ, દોડ, ફુટબોલ, બાસ્કેટ બોલ, સ્વિમીંગ સહિતની ૧૦ ઉપરાંત રમતો યોજવામાં આવી. આ ખેલ મહાકુંભની સ્પર્ધાઓમાં ૨૦૦ ઉપરાંત રમતવીરો એ લીધો હતો. તાલુકાકક્ષએથી મોટી સંખ્યામાં રમતવીરો ઉત્સાહ પૂર્વ ભાગ લીધો હતો.

# ગોધરા ખાતે શ્રી લક્ષ્મી નારાયણ દેવ મહિલા મંડળ દ્વારા સ્વામી નારાયણ મંદિર ખાતે મહિલાઓ માટે કેમ્પનું આયોજન કરાયું

ગોધરા,
શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય વડતાલ ગાદીના સમર્થ આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી અને મહિલાઓના ગુરૂપદે બિરાજતા બાબારાજા ઉર્વશીકુંવરબાના માર્ગદર્શનથી સમગ્ર ગુજરાતમાં મહિલાઓ માટે આરોગ્યલક્ષી વિવિધ સેવાકીય પ્રવૃતિઓ થઈ રહી છે. જેમાં ગોધરા ખાતે શ્રી લક્ષ્મીનારાયણ દેવ મહિલા મંડળ દ્વારા શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર વૃતાલય વિક્ષરમ ખાતે સર્વાઈકલ કેન્સર વેક્સિન કેમ્પ, સગર્ભા મહિલાઓ માટે હિમોગ્લોબિન ચેકઅપ કેમ્પ તથા કુપોષણ નિવારણ જેવા આરોગ્યલક્ષી સેવાકીય કાર્યોનો બાબારાજા ઉર્વશીકું વરબાની હાજરીમાં પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં સર્વાઈકલ કેન્સર વેક્સીન ૯ થી ૧૪ વર્ષની દિકરીઓને આપવાની હોય છે. તેવી ૨૫ દીકરીઓને શ્રી લક્ષ્મીનારાયણ દેવ મહિલા મંડળ દ્વારા ફી માં સેવા અર્થે આપવામાં આવી હતી અને જ સગર્ભા મહિલાઓને હિમોગ્લોબીન ચેકઅપ કરવામાં આવ્યું હતું. સાથે સાથે કુપોષણને દૂર કરવા સુપોષણ પ્રસાદ સ્વરૂપે નાના બાળકોને પોષણ યુક્ત આહારનું વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ યોજાયેલ સત્સંગ સભામાં મહિલાઓને આરોગ્યલક્ષી બાબતોની સમજણ આપવામાં આવી હતી.

# કોવિડ સમયગાળામાં રકતદાન કેમ્પનું આયોજન સંત નિરંકારી મિશનની સેવાને રાજયપાલે બિરદાવી


દાહોદ,
ગત વર્ષે ૨૩/૦૩/૨૦૨૧ના રોજ કોવિડ સમય ગાળા દરમ્યાન સંત નિરંકારી મિશન દિલ્હી બ્રાન્ચ દાહોદ દ્વારા ઝાયડસ બ્લડ બેંક ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું અને માનવતાના આ કાર્યને બિરદાવતા આપણા ગુજરાત રાજયના મહામહિમ રાજ્યપાલ શ્રી દેવવ્રત આચાર્યજી દ્વારા સેવાઓને બિરદાવવામાં આવી હતી અને આ કાર્ય બદલ ટ્રોફી અને સર્ટીફીકેટ ૧૪/૦૩/૨૦૨૨ ના રોજ અમદાવાદ સ્થિત રેડક્રોસ ભવન ખાતે એનાયત કરવામાં આવી હતી અને ગિનીઝ બુક ઓફ વર્લ્ડમાં પણ આ સેવા કાર્યની નોંધ લેવાઈ હતી. તે બદલ દરેક સેવાદળ અને દાહોદ સાધ સંગત તથા ઝાયડસ બ્લડ બેંકના દરેક મિત્રોને ખુબ ખુબ અભિનંદન.

# જાંબુઘોડામાં વન્યપ્રાણીઓ માટે ૮૦ જગ્યાએ જળકુંડ ભરાશે

વડોદરા,
ઉનાળાને પગલે જાંબુઘોડા રતનમહાલ અભ્યારણ્ય હેઠળના વિસ્તારોમાં રહેતા વન્યપ્રાણીઓ માટે તેમજ પક્ષીઓને તરસ છીપાવવાની અનુકુળતા રહે તે માટે વડોદરા વનવિભાગે જાંબુઘોડા અને શિવરાજપુર રેંજમાં ૧૩૦૦૦ હેક્ટર જંગલ વિસ્તારમાં વન્યપ્રાણીઓ માટે ઉનાળુ જળ વ્યવસ્થા કરવામાં આવી છે. આ અંગે માહિતી આપતા જંગલ વિભાગના અધિકારી એચ.ડી.રાઉલજીએ જણાવ્યુ હતુ કે, આખા વિસ્તારમાં ખુબ જ અંદર બહાર જગ્યાઓ છે ત્યા બોર્ડ સાથે જોડાયેલી ૧૩ પવનચક્કીઓ બેસાડવામાં આવી છે. આ ચકી ચાલે તેની સાથે ડંકીની વ્યવસ્થા જોડવામાં આવી છે. તેથી જળકુંડ ભરાઈ જાય, જગ્યાએ ટેન્કર અને ટ્રેકટરથી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. જાંબુઘોડા અભ્યારણ્યમાં મુખ્યત્વે દિપડો, ઝરખ, ભુંડ, હરણ અને રતનમહાલમાં રીંછ અને દિપડા સહિતના વન્યપ્રાણીઓ આવેલા છે.

# ગોધરાની બી. ફાર્મસી કોલેજ રામપુરાનું ગૌરવ


શ્રેયા ગોહેલ


દુર્ગેશ્વરી રાઉલજી


સ્વાતિ મિશ્રા

ગોધરા,
ગોધરા શહેરના રામપુરા વિસ્તારમાં આવેલી બી. ફાર્મસી કોલેજની યશકલગીમાં વધુ એક ઉમેરો થયો છે. ડિસેમ્બર ૨૦૨૧માં જીટીયુ દ્વારા લેવાયેલી પમાં સેમેસ્ટરની પરીક્ષામાં કોલેજના વિદ્યાર્થીઓ શ્રેયા ગોહેલ, દુર્ગેશ્વરી રાઉલજી અને સ્વાતિ મિશ્રા જીટીયુ યુનિવર્સિટીમાં ટોપટેનમાં સ્થાન મેળવીને કોલેજનું ગૌરવ વધાર્યુ છે. જીટીયુ યુનિવર્સિટીમાં ટોપટેનમાં સ્થાન મેળવવાનો શ્રેય તેમના માતા-પિતા, કોલેજ મેનેજમેન્ટ તથા સ્ટાફને આપ્યો છે. સંસ્થાના ચેરમેન જગદીશ આર પટેલ અને વાઈસ ચેરમેન રાજેશ આર પટેલ, કોલેજના પ્રિન્સિપાલ ડો. એમ. બી. શંકર, વાઈસ પ્રિન્સિપાલ ડો. સુરેશ જૈન તથા સ્ટાફે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી તેમની સિદ્ધિને બિરદાવી છે.

# ABVP ગોધરા દ્વારા શહીદ દિવસ નિમિત્તે મહારક્તદાન શિબિર યોજાઈ



ગોધરા,
અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ગોધરા શાખા દ્વારા ૨૩ માર્ચ શહીદ દિવસ નિમિત્તે મહારક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનો દ્વારા ૧૨૪ યુનિટ રક્તદાન એકત્ર કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કુલપતિ પ્રતાપસિંહ ચૌહાણ તેમજ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર અનિલભાઈ સોલંકી તેમજ રેડક્રોસના ચેરમેન જે. વી. ભોલંદા, શામળાજી કોલેજના ટ્રસ્ટી વિશાલભાઈ સોની વિશેષ ઉપસ્થિત રહ્યા.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પ્રમુખ શ્રી સંતરામ સખી મંડળ
મુ. ઉમરપુર, તા. શહેરા
જી. પંચમહાલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

અજયકુમાર રાવજીભાઈ પટેલ
મુ. લીમ્બોદ્રા, તા. શહેરા
જી. પંચમહાલ